FILE NO.FRC/PRO./2021-22/RJT/RJT/436

DT. 05/08/2022

ફી નિયમન સમિતિ
રાજકોટ ઝોન, રાજકોટ.

24091502408

એસ. એન. કણસાગરા સ્કૂલ
યુનિવર્સિટી રોડ,
રાજકોટ – 360005
EMAIL:- finance@tges.org

# નિર્ણય

1. શાળાની ફી અંગેની દરખાસ્ત કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યો - સંચાલક મંડળના પ્રતિનિધિ એ.ડી.પટેલ, સિવિલ એન્જિનિયર શ્રી વી.સી. પાઠક, શિક્ષણશાસ્ત્રી શ્રી એ.એ.સેતા તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી જી. બી.દેવળીયા સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ હુકમ જાહેર કરવાના સમયે સમિતિના સભ્યશ્રીઓએ સહી કરેલ છે.
2. શ્રી પ્રભુદાસ વાલજીભાઇ પટેલ સ્મારક ટ્રસ્ટ સંચાલિત એસ. એન. કણસાગરા સ્કૂલ – રાજકોટમાં પ્રિ-પ્રાયમરી તથા ધો.1 થી 12 વિજ્ઞાન પ્રવાહ અંગ્રેજી માધ્યમમાં ચલાવવામાં આવે છે.
3. શાળાએ વર્ષ **2021-22** થી **2023-24** ની ફી મંજુર કરવા હાલની દરખાસ્ત કરેલ છે.
4. શાળાએ રજુ કરેલ સૂચિત ફી નું માળખું નીચે મુજબ છે.

| STD. | MED. | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|
| NUR. - JKG | ENG | 190575 | 203915 | દર્શાવેલ નથી |
| SKG | ENG | 177870 | 190321 | દર્શાવેલ નથી |
| 1 | ENG | 177881 | 190332 | દર્શાવેલ નથી |
| 2 | ENG | 175458 | 187740 | દર્શાવેલ નથી |
| 3 | ENG | 169631 | 181505 | દર્શાવેલ નથી |
| 4-5 | ENG | 164313 | 175815 | દર્શાવેલ નથી |
| 6-9 | ENG | 150492 | 161026 | દર્શાવેલ નથી |
| 10 | ENG | 147832 | 158181 | દર્શાવેલ નથી |
| 11 | ENG | 147832 | 158181 | દર્શાવેલ નથી |
| 12 | ENG | 151220 | 161806 | દર્શાવેલ નથી |

5. શાળાએ દરખાસ્ત સાથે શાળાને લગતી સામાન્ય માહિતી, વિદ્યાર્થી- શિક્ષકો- વર્ગો ની સંખ્યા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, નાણાકીય માહિતી વગેરે રજૂ કરેલ છે.

6. શાળાએ વર્ગ મંજુરીના હુકમો તથા વર્ષ 2019-20 તથા 2020-21 ના ઓડિટ રિપોર્ટ રજુ કરેલ છે. તથા ટ્રસ્ટનો નોંધણીનો દાખલો રજૂ કરેલ છે.
7. ઉપરોક્ત તમામ લેખિત આધારો વંચાણે લીધા.
8. સમગ્ર દેશમાં તાજેતરમાં ઉપસ્થિત થયેલ covid-19ની મહામારી ને કારણે તારીખ 16 -3 -20 થી રાજ્યની તમામ શાળાઓ ( સરકારી, ગ્રાન્ટ-ઇન-એ ઇડ, સ્વનિર્ભર ) બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે lockdown જાહેર કરવામાં આવ્યું હતું. તે સંજોગોમાં શાળાઓ બંધ રાખવામાં આવી હતી અને હાલની પરિસ્થિતિમાં પણ કેન્દ્ર સરકારના આ અંગેના નિર્દેશ મુજબ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાનો આદેશ કરવામાં આવેલ છે. અને આ પરિસ્થિતિ ધ્યાને લઇને અરજદાર શાળા ના સને 2019-20ના રજુ થયેલ હિસાબ અને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સને 2021 -22 માટેની ફી, ફી નિયમન સમિતિ નક્કી કરવાનું ઠરાવેલ છે કારણકે સને 2020-21 ના વર્ષ માટે, રાજ્ય સરકારના તા: 07/10/2020ના ઠરાવ મુજબ સને 2019-20 ના વર્ષની ફી નિયમન સમિતિ દ્વારા મંજૂર ફી ના 75% રકમ ફી તરીકે લેવાનું ઠરાવ્યું છે. શાળા પૂરેપૂરા સમય ચાલી નથી વિદ્યાર્થીઓની ફી ઓછી આવેલી છે તે જ પ્રમાણે શાળાને પણ ખર્ચનું પ્રમાણ ઓછું થયેલ છે તેથી વર્ષ 2019-20ના વર્ષના ઑડિટ આધારે ફી નક્કી કરવાનું ઠરાવવુ ન્યાયી અને વ્યાજબી છે અને શાળા સંચાલક તથા વિદ્યાર્થીઓના વાલીઓને નુકસાન પણ ન થાય તે હેતુથી 2019-20નું વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.
9. શાળાએ રજુ કરેલ ઓડિટ રિપોર્ટમાં નીચેની વિગતો નોંધનીય છે.

| INCOME &EXPENDITURE | 2019-20 in lac |
|---|---|
| FEES INCOME | 6947.34 |
| INTREST | 99.44 |
| DONATION | 54.30 |
| MISC.FEES | 41.89 |
| MISE.INCOME | 2.61 |
| TOTAL INCOME | 7145.58 |
| RENT EXP | 410.49 |
| P.F.EXP | 222.60 |
| GRATUITY | 277.79 |
| FUNCTION/FESTIVAL | 124.10 |
| ACTIVITY EXP | 95.32 |
| CONTRACT EXP | 149.08 |
| STAFF WELFARE | 254.45 |
| DAILY WAGES | 46.17 |
| FEES | 138.98 |
| PRINTING | 32.81 |

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE * RAJKOT ZONE *

| | |
|---|---|
| I PAD LEASE | 380.46 |
| RTE STUDENT SUPPORT | 620.58 |
| STAFF SALARY | 3882.41 |
| STATIONERY | 14.54 |
| ZEROX | 8.80 |
| TAXES/LESS | 168.82 |
| LEGAL EXP/CONSULTING | 9.09 |
| OTHER ITEMS | 20.94 |
| DEPRICIATION | 268.59 |
| TOTAL EXP | 8670.11 |
| PROFIT/LOSS | -1524.52 |

10. શાળામાં વર્ષ 2019-20 તથા 2020-21 માં વિદ્યાર્થીઓની સંખ્યા,શિક્ષકોની સંખ્યા,વર્ગની સંખ્યા નીચે મુજબ દર્શાવેલી છે.

| ધોરણ | વિદ્યાર્થીની સંખ્યા | | શિક્ષકોની સંખ્યા | વર્ગની સંખ્યા |
|---|---|---|---|---|
| | 2019-20 | 2020-21 | | |
| PRE. PRIMARY | 1186 | 1197 | | 45 |
| 1-5 | 2709 | 3010 | | 156 |
| 6-8 | 1270 | 1211 | 552 | |
| 9-10 | 671 | 539 | | 20 |
| 11-12 | 515 | 321 | | 13 |
| TOTAL | 6351 | 6278 | 552 | 234 |

11. શ્રી પ્રભુદાસ વાલજીભાઇ પટેલ સ્મારક ટ્રસ્ટ સંચાલિત એસ. એન. કણસાગરા સ્કૂલમાં પ્રિ-પ્રાયમરી થી હાયર સેકન્ડરીનાં વર્ગો ચલાવવામાં આવે છે. જેનાં એકત્રિત હિસાબો રજૂ કરવામાં આવેલ છે.

વર્ષ 2019-20નાં ઓડિટ રિપોર્ટમાં કુલ ખર્ચ રૂ. 8670.11 લાખમાંથી મહતમ ખર્ચ પગાર ખર્ચ રૂ. 3882.41 લાખ દર્શાવેલ છે. શૈક્ષણિક સ્ટાફ 552 તથા બિન શૈક્ષણિક સ્ટાફ 475 છે. તે તમામના પગારનો સદર પગાર ખર્ચમાં સમાવેશ થાય છે.

શાળામાં કુલ 552 શિક્ષકોની શૈક્ષણિક લાયકાત ચકાસતા 342 શિક્ષકો બિનતાલીમી છે.જે અંગે શાળા દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે તેઓએ એવા તાલીમી શિક્ષકો માટે ઘણો પ્રયત્ન કરેલ છે કે જેઓ અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ ધરાવતા હોય તેમજ વિષયનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોય અને આ પ્રયત્ન માત્ર રાજકોટ નહિ,વિદેશ સુધી કરેલ છે,પરંતુ તેમાં સફળતા ન મળતા તેઓએ નિમણુક પામેલ શિક્ષકોને અસરકારક શિક્ષણ આપી શકે તે હેતુથી ટ્રેનીગ આપેલ છે,તે ઉપરાંત શાળા સંચાલકશ્રી એ મૌખિક રજૂઆત કરેલ છે, કે તેઓ ટૂંક સમયમાં મારવાડી યુનીવર્સીટી સાથે મળી શાળામાં જ શિક્ષકો તાલીમી અભ્યાસ કરી શકે તેવું પ્રયોજન કરી રહેલ છે, જેથી વ્યાજબી સમયમાં તેઓ તમામ બિનતાલીમી શિક્ષકોને તાલીમ આપશે.શાળાસંચાલકશ્રી ની આ રજૂઆત

ધ્યાને લેતા તેઓને તાલીમી શિક્ષકોને નિમણુક આપવા અથવા બિનતાલીમી શિક્ષકોને બનતી ત્વરાએ તાલીમ આપવા પ્રયોજન કરવા સુચના આપવામાં આવે છે.

શાળા સરકારશ્રી તરફથી લોંગ લીઝ પર મળેલ જમીન પર ટ્રસ્ટ દ્વારા સ્કૂલનું બાંધકામ કરવામાં આવેલ છે, તેમાં કાર્યરત છે. તે ઉપરાંત મોટી સંખ્યાનાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવતા તેમજ RTE નાં વિદ્યાર્થીઓની મોટી સંખ્યા જોતાં વધુ જગ્યાની જરૂરિયાત ઉપસ્થિત થતાં ટ્રસ્ટ સાથે સંકળાયેલ ન હોય તેવી વ્યક્તિઓ પાસેથી ભાડાની મિલકતો મેળવી તેમાં પણ અન્ય વિભાગવાળી શાળાઓ કાર્યરત છે. તેવી શાળાએ લેખિત રજૂઆત કરેલ છે. તેમજ અરજદાર શાળાએ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, 2017 અને તે અંતર્ગત ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, 2017 નાં નિયમ - 6 અન્વયે રજૂ કરેલ ફોર્મ નં. 2 નાં પાર્ટ 4 માં આપેલ વિગતમાં રેન્ટ પ્રિમાઈસિસ દર્શાવેલ છે. ભાડા ખર્ચ રૂ. 410.49 લાખ દર્શાવેલ છે. આ સંદર્ભમાં શાળાએ રજૂઆત કરેલ છે કે 41.49 લાખ ભાડા ખર્ચ મજરે મળવાપાત્ર છે. અને તેનાં સમર્થનમાં રજૂઆત કરે છે કે સંબંધિત મિલકતના માલિકના કાયદેસર કરાર અન્વયે ભાડાની રકમ ચુકવવામાં આવે છે. અને તેઓ ત્રાહિત વ્યક્તિ છે જે ટ્રસ્ટ/ટ્રસ્ટી સાથે વ્યાવસાયિક રીતે અથવા સંબંધથી જોડાયેલ નથી. તેમજ ફી નિયમન સમિતિ પણ એ બાબતે સંમત થશે કે જંત્રી રેટ પ્રમાણે વાસ્તવમાં કોઈ મિલકત ભાડે મળી શકે નહીં. અને કોઈ પણ મિલકત જંત્રી રેટ પ્રમાણે ભાડું મંજૂર કરવામાં આવે તો મિલકતના માલિકને તે હુકમ અન્વયે ભાડું મેળવવા સમિતિએ ફરજ પાડવી જોઈશે. જેથી તેવો નિર્ણય અથવા અમલવારી કરવી/કરાવવી શક્ય નથી.

સમિતિ દ્વારા, યુનિવર્સિટી રોડ પર કાર્યરત કણસાગરા શાળાનું સ્થળ પર નિરીક્ષણ કરવામાં આવેલ છે. હાલ કણસાગરા શાળા નીચે દર્શાવેલ જુદી જુદી બિલ્ડિંગમાં કાર્યરત છે. શાળાએ વાસ્તવમાં ભાડાકરાર મુજબ ભાડું ચૂકવેલ હોય તે મંજૂર કરવા રજૂઆત કરેલ છે. પરંતુ આટલી મોટી રકમના ભાડાના કરાર નોંધણી કરાવવામાં આવેલ નથી. શાળા સંચાલકશ્રીનું ઇન્સ્પેકશન સમયે તે બાબતે ધ્યાન દોરતા તેઓએ રજીસ્ટ્રેશન કરાવી ભાડાકરાર રજૂ કરશે. તેમ જણાવેલ પરંતુ તા: 27/06/2022 નાં રોજ ઇન્સ્પેકશન કર્યા બાદ હુકમ થવા સુધી લાંબો સમય વ્યતીત થયો ત્યાં સુધી રજીસ્ટર્ડ રેન્ટ એગ્રીમેન્ટ રજૂ કરવામાં આવેલ નથી. અલબત શાળા સંચાલકશ્રીએ ઇન્સ્પેકશન દરમ્યાન શાળાની બિલ્ડિંગનાં માલિકો ટ્રસ્ટી/ટ્રસ્ટ સાથે કોઈ રીતે સંકળાયેલ નથી તેવું સોગંદ પર જાહેર કરતું સોગંદનામું રજૂ કરેલ છે.

નોંધણી અધિનિયમ 1908 ની કલમ 17 અન્વયે એક વર્ષ કે તેથી વધુ સમય માટે મિલકતનો ભાડાકરારની નોંધણી ફરજિયાત છે. ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ 1882 ની કલમ 105 માં લીઝની વ્યાખ્યા આપવામાં આવેલ છે. જેનાં એક નિશ્ચિત સમયગાળા માટે કરાર આધારિત મિલકતનું હસ્તાંતર કરવામાં આવે છે. તેવું દર્શાવેલ છે. જે આ પ્રમાણે છે.

**Definition: Lease under transfer of Property Act, 1882:**

Section 105 of the transfer of property act, 1882 states the definition of a lease which states that it is a transfor of immovable property for a particular time period for a consideration of which the transferee has accepted the terms surrounding the agreement. A transfer of a right to enjoy a property in consideration of a price paid or promised to be rendered periodically or on specified occasions is the basic fabric for a valid lease. The provision says that such a transfer can be made expressly or by implication. Once there is such a transfer of right to enjoy the property a lease stands created.

According to section 107 of the transfer of property act, a lease for the period of more than one year or of year to year or reserving of yearly rent must be registered. An unregistered lease may cause a severe effect on the enforcement of the right. Such deed shall not be admitted in evidence. You cannot ask for specific performance of the contract from unregistered lease deed. An unregistered lease deed renders the lease into a month to month.

નોંધણીના કાયદાની કલમ 49 નીચે પ્રમાણે છે:

જે દસ્તાવેજ ને કલમ 17 મુજબ અથવા મિલકત તબદીલી અધિનિયમ, 1882 (સન 1885 નો 4થો) ની કોઈપણ જોગવાઈ મુજબ રજીસ્ટર કરાવવો આવશ્યક હોય તે રજીસ્ટર કરવવામાં આવ્યો ન હોય તો, તે દસ્તાવેજ -

(1) તેમાં જણાવેલી કોઈ સ્થાવર મિલકતને અસર કરશે નહીં, અથવા

(2) દતક લેવાની સતા આપશે નહીં, અથવા

(3) તેવી મિલકત અંગેના કોઈ વ્યવહાર અથવા તેવી સતા આપવાના પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે નહિ.

હાલના કામે ભાડાકરાર 3 વર્ષ માટે કરવામાં આવેલ છે. તેની નોંધણી (રજિસ્ટર્ડ) કરાવેલ ન હોય. ભાડા કરારવાળી મિલકતનું બાંધકામ, વિસ્તાર વગેરે ધ્યાને લેતા સમિતિનાં સભ્ય, સિવિલ એંજિનિયરશ્રીના અભિપ્રાય મુજબ નીચે દર્શાવેલ વિગતે ભાડું મજરે આપવાપાત્ર થાય.

| શાળા બિલ્ડિંગનું સ્થળ | માન્ય ભાડું |
|---|---|
| 1. રાજયોગ, શ્રોફ રોડ | 19.42 |
| 2. યુનિવર્સિટી રોડ | પોતાની માલિકીનું |
| 3. જે.એસ. પ્રિમાઈસિસ, જ્યોતિનગર મેઇન રોડ | 9.58 |
| 4. પેરેડાઈઝ | 6.53 |
| 5. પેરેડાઈઝ સિટી, રૈયાધાર | 6.54 |
| કુલ | 42.07 |

શાળાનું ભાડા ખર્ચ 4.10 કરોડ દર્શાવેલ છે. 42.07 લાખ માન્ય ભાડું છે. જેથી ભાડું રૂ. 3.68 કરોડ અમાન્ય કરવામાં આવે છે.

પી.એફ. તથા ગ્રેચ્યુઈટી પેટે રૂ. 2.22 તથા 2.78 કરોડ દર્શાવેલ છે. જે અંગે સ્થળ પર નિરીક્ષણ કરતાં, રજૂ કરેલ લેઝર રિપોર્ટમાં આ તમામ રકમ બિરલા સનલાઇફ ગ્રેચ્યુઈટી ફંડમાં જમા આપેલ છે. જેથી તે તમામ મજરે આપવામાં આવે છે.

ફંકશન/ફેસ્ટિવલ ઉજવણી માટે જે તે એજન્સી અથવા કોન્ટ્રાક્ટર પાસેથી ફંકશન અથવા ફેસ્ટિવલ અનુરૂપ સર્વિસ મેળવે છે. અને તેનું પેમેન્ટ કરે છે. ફંકશન અને ફેસ્ટિવલની ઉજવણી માટે કેલેન્ડર મુજબ શેડ્યુઅલ બનાવવામાં આવે છે. જે શાળાએ રજૂ કરેલ છે. વધુમાં શાળા સંચાલકશ્રીએ રજૂઆત કરેલ છે કે શાળાનાં વિદ્યાર્થીઓના વિકાસ અને વૃદ્ધિ, ભણતર સાથે ગણતર મળે તે ઉદેશથી અને તે પ્રમાણે ઉજવણી થાય છે તેમજ વિદ્યાર્થીમાં ટાઈમ મેનેજમેન્ટ, શિસ્ત, સહકાર, ટિમ વર્ક વગેરે ગુણો વિકસે તેને ધ્યાનમાં રાખવામાં આવે છે.

ફંકશન/ફેસ્ટિવલ ખર્ચનું લેઝર રિપોર્ટ રજૂ કરવામાં આવે છે. જેમાં મોટા ભાગની રકમનું પેમેન્ટ ચેકથી કરેલ છે. અને T.D.S. કાપવામાં આવેલ છે. વધુમાં સેવા આપનાર એજન્સી/ કોન્ટ્રાક્ટરએ ટ્રસ્ટ, ટ્રસ્ટી અથવા શાળા સંચાલક સાથે કોઈ રીતે સંકળાયેલ નથી તે ચકાસણીને અંતે જણાયેલ છે. જેથી આ તમામ ખર્ચ મજરે આપવામાં આવે છે.

રિપેરિંગ તથા નિભાવ ખર્ચ પેટે રૂ. 559.38 લાખ દર્શાવેલ છે. જેનાં લેઝર રિપોર્ટ રજૂ કરવામાં આવેલ છે. જેમાં બિલ્ડીંગ રિપેરિંગ પેટે રૂ. 389.11 લાખ દર્શાવેલ છે. જેમાં પેઇન્ટિંગ, માર્બલ સ્ટોન, ગ્રેનાઇટ, કોલ સ્ટોન, પ્લમ્બિંગ કામ વગેરેનો સમાવેશ થાય છે. જેમાં મોટા ભાગની એન્ટ્રી જોતાં બેંકિંગ ચેનલથી પેમેન્ટ કરેલ છે. જે મજરે મળવાપાત્ર છે. જ્યારે ઇલેક્ટ્રિકલ રિપેરિંગ પેટે રૂ. 108.91 લાખ દર્શાવેલ છે. જેમાં AMC વાર્ષિક નિભાવખર્ચ પેટે રૂ. 40.64 લાખ દર્શાવેલ છે. પરંતુ 4.55 લાખનાં LED તથા 72 ફ્લડ લાઇટની ખરીદીના તેમજ 18.21 લાખ પંખાની ખરીદીના તથા 10.73 લાખ ફોક્સ લાઇટ નંગ 480 ની ખરીદીનાં ખર્ચ પેટે દર્શાવેલ છે. જે મૂડી પ્રકારનાં ખર્ચ હોય માત્ર ઘસારા ખર્ચ મળવાપાત્ર છે. જેથી 15.02 લાખ ઘસારા પેટે મળવાપાત્ર છે. જેથી રૂ. 33.49 લાખ અમાન્ય ખર્ચ છે. જેનાં ઘસારા ખર્ચ રૂ. 5.02 મળવાપાત્ર હોય 28.47 લાખ અમાન્ય કરવામાં આવે છે.

એક્ટિવિટી ખર્ચ પેટે 95.32 લાખ દર્શાવેલ છે. જેમાં ડિજિટલ અસેટમેંટનાં સોફ્ટવેરનાં વાર્ષિક લવાજમનાં ખર્ચ ઉપરાંત ECONOMIC WEAKER SECTION માટે ટ્રાન્સપોર્ટેશન ખર્ચના રૂ. 32.52 લાખ દર્શાવેલ છે. સમિતિનાં અભિપ્રાય મુજબ આ હેતુ ઉમદા છે. પરંતુ તેનો તમામ ખર્ચ અન્ય વિદ્યાર્થીઓમાં વહેંચવો ન જોઈએ. સંસ્થાએ 25% જવાબદારી ઉઠાવવી જોઈએ. તેવો સમિતિનો અભિપ્રાય છે. જેથી રૂ. 8.13 લાખ અમાન્ય કરવામાં આવે છે.

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE * RAJKOT ZONE *

કોન્ટ્રાક્ટ ખર્ચ પેટે રૂ. 149.08 લાખ ખર્ચ દર્શાવેલ છે. જે વર્ગ 4 કર્મચારીનો ખર્ચ છે. જે માન્ય રાખવામાં આવે છે. જેમાં સિક્યોરિટી, આયાબેન, ડ્રાઈવર, કંડક્ટર્સ, ગાર્ડનીંગ, ઇલેક્ટ્રીક રિપેરિંગ વગેરેના ખર્ચ છે.

સ્ટુડન્ટ વેલફેરનાં રૂ. 254.45 લાખ દર્શાવેલ છે. જે અંગે શાળા સંચાલકશ્રીએ રજૂઆત કરેલ છે કે શાળાનાં અમુક વિભાગોને અન્ય સ્થળે ફેરવવામાં આવેલ અને તે વિદ્યાર્થીઓને સારી સગવડતા મળી રહે તે માટે કરવામાં આવેલ. જેમાં સિક્યોરિટી, પાર્કિંગ, શાળા છૂટતી વખતે ઊભી થતી સમસ્યાઓ, અભ્યાસ કરવા માટે તથા રમત ગમત માટે મર્યાદિત જગ્યા વગેરે ને ધ્યાને લઈ આ નિર્ણય લેવાયેલ, પરંતુ આ નિર્ણય વિદ્યાર્થીઓનાં એડમિશન બાદ લેવાયેલ હોય વાલીઓએ સંબંધિત સમયનું સ્થળ ધ્યાને રાખી બાળકો માટે પ્રવેશ મેળવેલ હોય, ટ્રાન્સપોર્ટેશનનાં ખર્ચ ચૂકવવા તૈયારી ન થતાં તે તમામ ખર્ચ સંસ્થાએ ઉઠાવેલ, તેમજ તેમાં 187 આર્થિક પછાત વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે.

આ રજૂઆતને વિચારણામાં લીધેલ છે. સમિતિનાં અભિપ્રાય પ્રમાણે સંસ્થાએ વિદ્યાર્થીઓનાં હિત માટે આ નિર્ણય લીધેલ છે તેમ છતાં તેઓના પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદનો નિર્ણય હોય 50% ખર્ચની સંસ્થાએ જવાબદારી લેવી જોઈએ. જેથી તે પેટે રૂ. 238 લાખ ખર્ચેલ છે. તેમાં રૂ.119 લાખ અમાન્ય કરવામાં આવેલ છે.

સ્ટુડન્ટ વેલફેરનાં મથાળા હેઠળ અન્ય રૂ. 14.89 લાખનો ખર્ચ આર્થિક પછાત વર્ગનાં વિદ્યાર્થીઓ તથા સંસ્થા સાથે સપોર્ટ સ્ટાફના બાળકો તેમજ RTE નાં વિદ્યાર્થીઓનાં યુનિફોર્મ ખર્ચ દર્શાવેલ છે. જરૂરિયાતમંદ બાળકોને યુનિફોર્મ પૂરો પડેલ છે. તે પણ ઉમદા બાબત છે. પરંતુ તેનાં ખર્ચની જવાબદારી પણ સંસ્થાએ 50% ઉઠાવવી જોઈએ. જેથી આ ખર્ચમાં 7.44 લાખ અમાન્ય કરવામાં આવે છે.

આ ઉપરાંત પ્રિંટિંગ ખર્ચ, ઝેરોક્ષ ખર્ચ તથા સ્ટેશનરી ખર્ચ કુલ મળી 56.15 લાખ ખર્ચ દર્શાવેલ છે. વિદ્યાર્થીઓની કુલ સંખ્યા 6351 ધ્યાને લેતા આ ખર્ચ મજરે આપવાપાત્ર છે.

**I PAD LEASE** ખર્ચ પેટે રૂ. 380.46 લાખ દર્શાવેલ છે, જે અંગે શાળાએ રજૂઆત કરેલ છે,કે **I PAD** ભાડેથી મેળવે છે, તે ભાડા ખર્ચમાં સોફ્ટવેર,પ્રોગ્રામિંગ,રિપ્લેસમેન્ટ, રીપેરીંગ, મેઈન્ટેનન્સ,અપડેશન વગેરેનો પણ સમાવેશ થાય છે. શાળાની વિશેષ રજૂઆત છે,કે તેઓ I PADની ખરીદી કરે તેના ખર્ચ કરતા 25% થી ઓછો ખર્ચ થાય છે તેમજ ત્રણ વર્ષ બાદ અપગ્રેડ મોડેલ રિપ્લેસ કરી તેઓને નવી ટેકનોલોજીવાળો પીસ આપવામાં આવે છે. આ રજૂઆત ધ્યાને લેતા **I PAD** લગત ખર્ચ મજરે આપવામાં આવે છે.

ટેક્ષ/કર પેટે રૂ. 168.82 લાખ દર્શાવે છે. જેના લેજર એકાઉન્ટ રજૂ કરેલ છે, તે મુજબ 165.82 લાખ દર્શાવેલ છે, જેના રૂ. 6.92 લાખ દર્શાવેલ છે, જેમાં રૂ.6.92 લાખ રાજયોગ બિલ્ડીંગ



FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE सत्यमेव जयते

ના વર્ષ 17-18, 18-19,19-20ના ટેક્ષની રકમ દર્શાવે છે,જે અંગે શાળા સંચાલકશ્રી એ લેખિત તેમજ મૌખિકમાં સ્પષ્ટતા કરેલ છે,કે RMC દ્વારા પ્રોપર્ટીનું રી-અસેસ્મેન્ટ કરવામાં આવેલ અને અગાઉ કરેલ અસેસમેન્ટમાં ભૂલ જણાતા જુનું હાઉસટેક્ષનું બીલ આવેલ પરંતુ તે વર્ષ 19-20માં જ આપેલ અને તે જ વર્ષમાં ચૂકવાયેલ જેથી રૂ.6.92 લાખ સહિત રૂ.165.82 લાખ મજરે આપવામાં આવે છે.168.82 માંથી 3 લાખ અમાન્ય રાખવામાં આવે છે.

લીગલ/કન્સલ્ટન્સી ખર્ચ પેટે રૂ.9.09 લાખ દર્શાવેલ છે,જેમાં 7.31 લાખ શાળાએ ફી ઘટાડાના FRC નાં હુકમ સામે લીટીગેશન કરેલ છે,તેમાં ખર્ચ કરેલ રકમ છે,જેથી તે માન્ય રાખવામાં આવતી નથી.1.78 લાખ માન્ય રાખવામાં આવે છે.

અન્ય ખર્ચમાં રૂ. 20.94 લાખ દર્શાવેલ છે,જેમાં શાળા દ્વારા રૂ.1.43 લાખ ફી જતી કરવામાં આવે છે.જેથી તે શાળાનો નિર્ણય હોઈ અમાન્ય છે.ટ્રીપ ફીઝ પેટે રૂ.10.18 લાખ દર્શાવેલ છે,જે 37 સ્ટુડન્ટની ટ્રીપ ફીઝ અંગે ભૂતકાળમાં થયેલ ભૂલની સુધારણાની entry છે.એટલે કે ટ્રીપ ફીઝ મેળવ્યા બાદ ટ્રીપ થયેલ નથી,જેથી તે રકમ પરત કરેલ છે,તે દર્શાવેલ છે,જેથી તે રકમ અમાન્ય છે.જેથી રૂ.20.94 લાખ ખર્ચ માંથી રૂ.11.61 લાખ અમાન્ય કરવામાં આવે છે. આ ઉપરાંત તમામ ખર્ચ મજરે આપવામાં આવે છે.

સ્ટુડન્ટ સપોર્ટ પેટે રૂ.620.58 લાખ ખર્ચ દર્શાવેલ છે,પરંતુ વિદ્યાર્થીદીઠ ખર્ચમાં, 5% RTE નાં વિદ્યાર્થીઓ માટે શાળાએ ભોગવેલ ખર્ચ પેટે મળવાપાત્ર હોય તે અમાન્ય કરવામાં આવે છે.

નીચે દર્શાવેલ ખર્ચ અમાન્ય ખર્ચ છે.

| વિગત | કરેલ ખર્ચ | માન્ય ખર્ચ | અમાન્ય ખર્ચ |
|---|---|---|---|
| ભાડા ખર્ચ | 410.49 | 42.07 | 368.42 |
| રીપેરીંગ તથા નિભાવ ખર્ચ | 559.38 | 530.91 | 28.47 |
| એક્ટીવીટી ખર્ચ | 95.32 | 87.19 | 8.13 |
| સ્ટુડન્ટ વેલ્ફેર | 254.45 | 128.01 | 126.44 |
| ટેક્ષ/ | 168.82 | 165.82 | 3.00 |
| લીગલ/કન્સલ્ટન્સી ખર્ચ | 9.09 | 1.78 | 7.31 |
| અન્ય ખર્ચ | 20.94 | 9.33 | 11.61 |
| RTE સ્ટુડન્ટ સપોર્ટ | 620.58 | - | 620.58 |

કુલ ખર્ચ રૂ.8670.11 લાખ છે,જેમાં રૂ.1173.25 કુલ અમાન્ય ખર્ચ છે,જેથી કુલ માન્ય ખર્ચ 7496.86 છે.કુલ માન્ય ખર્ચ આધારિત વિદ્યાર્થીદીઠ ખર્ચ ,જેમાં બે વર્ષનો વ્યાજબી વધારો, શાળાએ RTE નાં વિદ્યાર્થીઓને મળતી સરકારી સહાય ઉપરાંત શાળાએ ઉગવેલ ખર્ચ તથા પર્યાપ્ત ફંડની જરૂરીયાત ધ્યાને લેતા નીચે મુજબ ફી મંજુર કરવામાં આવે છે.

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE * RAJKOT ZONE *

| STD | MED | APPROVED BY FRC 2021-22 | APPROVED BY FRC 2022-23 | APPROVED BY FRC 2023-24 |
|---|---|---|---|---|
| JR.KG | ENG | 186700 | 199770 | 213750 |
| SR.KG. | ENG | 174240 | 186440 | 199490 |
| 1 | ENG | 174240 | 186440 | 199490 |
| 2 | ENG | 172000 | 184040 | 196920 |
| 3 | ENG | 166230 | 177870 | 190320 |
| 4 | ENG | 161100 | 172380 | 184440 |
| 5 | ENG | 161100 | 172380 | 184440 |
| 6-9 | ENG | 147540 | 157870 | 168920 |
| 10-11 | ENG | 144870 | 155000 | 165860 |
| 12 | ENG | 148200 | 158570 | 169670 |

12. શાળાએ હુકમમાં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી લીધી છે, તે સબબનુ એફિડેવિટ દિન 30 માં લગત કચેરી મારફતે અત્રે રજુ કરવાનું રહેશે. તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેની વસૂલ, મળવાપાત્ર ફી ની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી શાળા છોડી ગયેલ છે તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ મળે તેનાં દિન – 30 માં રજુ કરવાનું રહેશે.

ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપાડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ.સર્ટિફાઇડ સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં વસૂલી ફી રિફંડ ખાતુ એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે.

13. અત્રેની સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં નોટિસ બોર્ડ તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

14. અત્રેની ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરેલ ફી કરતા વધુ ફી શાળાએ મેળવેલ હોય તે વિદ્યાર્થી અથવા તેના વાલીને દિન 30 માં પરત આપવાની અથવા સરભર કરવાની રહેશે.

15. શાળા એક સાથે માત્ર એક ત્રિમાસિક ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ - 2017ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

16. નિયત કરેલ ફી સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે..

FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE सत्यमेव जयते

FILE NO.FRC/PRO./2021-22/RJT/RJT/436 DT. 05/08/2022

17. આ હુકમ થી જો તમે નારાજ હોય તો હુકમ મળ્યાના દિવસ 21 માં ફી રિવિઝન કમિટી (રાજ્યકક્ષા), બ્લોક 1, વિંગ બી-1, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – 10એ ગાંધીનગર ખાતે ફોર્મ નં. 5માં જરૂરી આધારો સાથે રૂ. 10000 પ્રોસેસ ફી ભર્યાનું અસલ ચલણ જોડી રિવિઝન કરી શકાશે.

Sd/-

અધ્યક્ષ

ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ.

(નિવૃત જિલ્લા ન્યાયધીશ)

ખરી નકલ (હુકમથી)

(વી.જે.બાબરીયા)

ફરજ પરના અધિકારી

ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ.